નમસ્કાર ગાંધીનગર

પમરાટ

રાત રહે જાહરે, પાછલી ખટ ઘડી
સાધુ પુરુષને સૂઈ ન રહેવું
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરિ
એક તું એક તું એમ કહેવું.

જોગિયા હોય તેણે જોગ સંભાળવો
ભોગિયા હોય તેણે ભોગ તજવા

વેદિયા હોય તેણે વેદ વિચારવા
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા
સુકવિ હોય તેણે સદગ્રંથ બાંધવા
દાતાર હોય તેણે દાન કરવું
પતિવ્રતા નારીએ કંથને પૂછવું
કંથ કહે તે બધું ચિત ધરવું

- નરસિંહ મહેતા

પાથેય

- રમેશ ઠક્કર

ગુજરાતી કવિતાનું હૃદય..

નરસિંહ મહેતા એટલે ગુજરાતી કવિતાનું હૃદય..છસ્સો વરસ પછી પણ એમની કવિતાના ધબકાર જીવંત છે..એમનો કાર્યકાળ ઈ.સ.૧૪૦૪ થી ઈ.સ.૧૪૮૧ સુધી..ગુજરાતી ભાષા માટે એ મધ્યકાળ ગણાય છે..નરસિંહ એ માત્ર કવિ નથી, ભક્ત પણ છે..એનાં પ્રભાતિયાં થકી ગુજરાતનું ગગન ઉગે છે..આપણે શું જાણીએ છીએ એના વિશે..?

નરસિંહ મહેતાનો જન્મ તળાજામાં..પિતાનું નામ કૃષ્ણ દામોદર મહેતા..માતા દયાકુંવરબાઈ..એ વડનગરા નાગર..જાણીને નવાઈ લાગશે પણ એમની મુળ અટક હતી પંડયા..! ઇ સ.૧૩૦૦ આસપાસ તળાજામાં ચુડાસમા રાજવી નાગાર્જુનનું શાસન હોય છે...ત્યારે નરસિંહના એક વડવા નામે ગદાધર પંડયા રાજાની આજ્ઞાથી ત્યાં આવી વસે છે...એમનો વંશવેલો આગળ ચાલે છે..નાગરો યજમાન વૃતિ નથી કરતા..નરસિંહના વડવાઓએ આજીવિકા માટે વેપાર પણ કરવા માંડયો..રાજાએ ખુશ થઈ એમને બે ગામો જાગીર તરીકે આપ્યાં..ઈશ્વરપુરા અને મહાદેવપુરા..એ રીતે મહેતાગીરી કરતું કુટુંબ ક્રમશઃ મહેતા તરીકે જાણીતું થયું..એમના દાદા પુરૂષોત્તમની પેઢી સુધી તો પંડયા અટક ભૂતકાળ બની ગઈ.

પ્રસિધ્ધ કવિ જયદેવની કૃતિ "ગીત ગોવિંદ" એણે બરાબર આત્મસાત કરી હતી..એમાંથી જ આવ્યો શૃંગાર રસ અને ગોપી ભાવ..શરૂઆતમાં નરસિંહે પ્રચૂર શૃંગારકાવ્યો લખ્યાં..પાંચ વર્ષની ઉંમર થાય એ પહેલાં એણે માતા પિતા ગુમાવી દીધાં હતાં..એમના વડવાઓ બધા શૈવ પંથી હતા...નાનપણથી નરસિંહને બોલાવામાં તકલીફ પડતી..એ અવાચક જ હતા.પાંચ વરસના નબાપા આ બાળકને એક સંત મળે છે. એમનું નામ ગોવિંદસ્વામી..એ ચમત્કારિક રીતે આ બાળકને બોલતો કરે છે..સ્વામી કૃષ્ણપંથી પ્રચંડ સિધ્ધપુરૂષ હોય છે...એમની પ્રેરણાથી એ કૃષ્ણ ભક્ત બને છે..અને ભકિત પદોથી ગુજરાતી ભાષા છલકાઈ જાય છે.

નરસિંહ મહેતા સંસ્કૃતના પણ મોટા વિદ્વાન હતા...એ પ્રાકૃત પણ જાણતા..આપણે જેને આધુનિક ગુજરાતી ભાષા કહીએ છીએ એ શરૂ કરનાર નરસિંહ મહેતા છે..એ અચ્છા ગાયક હતા..શાસ્ત્રીય સંગીતના મહારથી હતા..પોતાની આ બધી પ્રતિભા થકી એમણે ગુજરાતીને ઠરીઠામ કરી..તળાજાનું જાણીતું વૈષ્ણવ ટીલું (તિલક), હાથમાં કરતાલ,અને એક વિશેષ ટોપી, એ એમની ઓળખ બની ગયાં..

નરસિંહનાં પત્ની માણેકબાઈ..પુત્ર શામળશા..દિકરી કુંવરબાઈ..શામળશાનાં લગ્ન વડનગરમાં થયાં..એના વિવાહમાં શામળિયાએ હૂંડી સ્વીકારી..ભગવાન દામોદર દોશી નામે શેઠ બની ખુદ આવ્યા..પુત્રી કુંવરબાઈની દિકરી શર્મિષ્ઠાને પણ વડનગરમાં પરણાવી..એની બે પુત્રીઓ સત્યવતી અને સાવિત્રી એ બંનેને રાગરાગિણી અને સંગીતની તાલીમ નાના નરસિંહ મહેતાએ આપેલી.. એ બંને બહેનો ઈતિહાસમાં તાના-રીરી તરીકે જાણીતી છે..વડનગરનું શર્મિષ્ઠા તળાવ આજે પણ આ બધી યાદો સમાવી બેઠું છે..

સાપ્તાહિક રાશિફળ

(તા. ૧૩-૧૧-૨૨થી તા. ૧૯-૧૧-૨૨)

૧. મેષ રાશિ :

આપની રાશિમાં રાહુ મહારાજ વર્ષ દરમિયાન રહેવાનો હોઈ મસ્તક પીડા તથા શારીરિક પીડાઓ ઊભી થાય ત્યારે તરત જ સારવાર લેવી. સપ્તાહમાં ભાઈ-ભાંડુ (સહકાર ન આપે) મધ્યમાં મનને શાંતિ જણાય. સ્વસ્થ બનો. સંપત્તિમાં શુભ પરિણામ. માતા તરફથી સહકાર. સપ્તાહના અંતમાં વિદ્યાર્થીઓ માટે શુભ સમય છે. શેરસટ્ટામાં પણ આપને ફાયદો થાય. સમજદારી પૂર્વક નાણાં ખર્ચવા. નોકરીમાં શુભ ફળ - પારિવારિક વાતાવરણમાં સમૃદ્ધિ. ફાલતુ ખર્ચ ન કરવો. આ સપ્તાહમાં પરિણામ મળશે.

૨ વૃષભ રાશિ :

માનસિક સ્થિતિ સારી. આ સપ્તાહે તમારી રાશિમાં વક્રી મંગળ નાની મોટી બિમારી આપી શકે. કૌટુંબિક વાતાવરણ સારું. કોઈ યાત્રાનું આયોજન થઈ શકે. નોકરીમાં નાણાંકીય ફાયદો થાય. જીવનસાથી સાથે સુમેળભર્યું વાતાવરણ રાખવા ગુસ્સો કરવો નહી. સમસ્યા હશે તો સમાધાન થશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરી શકે. ઉચ્ચ શિક્ષણમાં પડકારોનો સામનો કરવો પડે. દશમે શનિ ધીમે ધીમે ભાગ્યોદય કરાવશે. ગુરુ મહારાજ પણ આકસ્મિક લાભ પ્રદાન કરશે. ગુરુ અને વડીલ વ્યક્તિઓની સેવા કરવી. શુભત્વ મળે.

૩. મિથુન રાશિ :

આ સપ્તાહમાં શરુમાં ચંદ્ર તમારી રાશિમાં હોઈ માનસિક શાંતિ અનુભવો. ઘણા ગ્રહોની શુભ દૃષ્ટિ સ્વાસ્થ્યને મજબૂત બનાવશે. મન પ્રસન્ન રહેશે. પારિવારિક શાંતિ માટે વડીલોની સલાહ માનવી. સમસ્યાઓનું સમાધાન થશે. સારી તકો મળશે. પ્રેમ સંબંધ વધુ મજબૂત બને. આ સપ્તાહમાં વિદ્યાર્થીઓ ઓછી મહેનત વધુ લાભ મેળવી શકશે. મનોબળ વધશે. અંતમાં શારીરિક પીડા ઊભી થઈ શકે. આરોગ્ય સાચવવું. વ્યસનથી દૂર રહેવું. અંતમાં નાણાંકીય લાભ પ્રાપ્ત થશે. સૂર્ય ઉપાસના કરવી. આદિત્ય હૃદયનો પાઠ કરવો.

૪ . કર્ક રાશિ

તમારી માનસિક સ્થિતિ સુધરશે. જીવનમાં સકારાત્મક ફેરફાર અનુભવો. આ સપ્તાહમાં લાંબા ગાળાનું રોકાણ ટાળવું. સ્નેહીજનો સાથે બહાર ફરવા જવું. પારિવારિક ભાઈ-ચારો વધશે. સંસાર જીવનમાં સુમેળભર્યું વાતાવરણ રહેશે. આ સપ્તાહમાં પદોન્નતીનો લાભ મળી શકે. નોકરી-વ્યવસાયમાં તકનો લાભ લઈ યોગ્ય નિર્ણય કરશો તો ફાયદો થશે. અહંકાર પર પ્રભુત્વ મેળવશો. વિદ્યાર્થીઓ સારું પરિણામ પ્રાપ્ત કરી માન સન્માન મેળવશે. ખોરાકમાં ધ્યાન રાખવું જેથી સ્વાસ્થ્યને હાનિ ન થાય. ગણેશ પૂજા ઉપાસના કરશો તો લાભ પ્રાપ્ત થશે.

૫. સિંહ રાશિ :

આ સપ્તાહમાં શરુથી જ માનસિક શાંતિ જળવાઈ રહેશે. પારિવાર કે સ્નેહી જનો સાથે વાદવિવાદમાં પડવું નહિં. આર્થિક જીવન સુધરશે. સમસ્યાઓનો શાંતિપૂર્વક ઉકેલ લાવવો. આ સપ્તાહે લાંબા પ્રવાસનું આયોજન થઈ શકે.પ્રેમ સંબંધમાં શુભ સમય. તમારી પ્રગતિ જોઈ તમારા સાથીધારો ઈર્ષ્યા કરી શકે. ટેકો મેળવવામાં મુશ્કેલી. વિદ્યાર્થીઓ આપમેળે ધાર્યા વિષયમાં સફળતા મેળવી શકે. જ્ઞાનમાં વૃદ્ધિ થશે. આરોગ્યનું ધ્યાન રાખવું. લાંબા રોકાણ વિચારીને કરવા. ભાગ્યોદય માટે પરિશ્રમ જ ઉપાય છે. સૂર્ય ઉપાસના કરી અર્ઘ્ય આપવું.

૬. કન્યા રાશિ :

આ સપ્તાહમાં તમારી માનિસક અશાંતિ દૂર કરવા યોગ્ય દિશામાં હકારાત્મક વલણ રાખી કામ કરવું. નક્કી કરેલ લક્ષ્ય પ્રાપ્તિ માટે સઘન પ્રયત્ન કરવો. આર્થિક સ્થિતિમાં સુધારો આવશે. ધાર્મિક કાર્યોનું આયોજન કરવું. ધંધા-વ્યવસાયમાં વધુ સફળતા મળે તેમ છે. નોકરીમાં પણ સારો સમય પસાર થશે. પરિવારમાં પ્રેમ અને લાગણીભર્યા સંબંધથી દરેક સામાજિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. આંખોમાં કાળજી રાખવી. દાંપત્ય જીવનમાં ધાર્મિક કાર્યો કરવાથી સમુધુરતા આવશે. શેર-સટ્ટામાં ચકાસીને રોકાણ કરવું. ઈષ્ટ દેવીની ઉપાસના - જાપ કરવા.

વિષ્ણુભાઈ વૈષ્ણવ
જ્યોતિષાચાર્ય

૭. તુલા રાશિ :

આ સપ્તાહે સ્વાસ્થ્ય સમસ્યા દૂર થશે. આરોગ્ય સારું રહેશે. આ સમયમાં લાંબા ગાળાના રોકાણો ફાયદો કરાવશે. દરેક કામમાં નિષ્ણાંતની સલાહ-સૂચનથી આગળ વધવું. તમારું કુટુંબ અને મિત્રો તમારી મદદમાં ઊભા હશે. તમારી યોજનાઓ અને નીતિમાં સુધારાઓ કરી આગળ વધશો નફો તમારો હશે. જીવનમાં સંતોષ રાખવો. રાજકીકય ક્ષેત્રમાં હશો તો શુભ સમય છે. વિરોધીઓ સક્રિય થવાના છે. વિદ્યાર્થીઓ માટે અથાગ પરિશ્રમ એ જ સફળતા છે. સપ્તાહ સામાન્ય કરતાં સારું પસાર થશે. સૂર્યદેવની ઉપાસના કરવી. દાન ધર્મ કરવા.

૮. વૃશ્ચિક રાશિ :

આ સપ્તાહે તમારી રાશિમાં સૂર્ય પ્રવેશ કરશે. જે મસ્તક પીડા આપશે. આંખોની કાળજી લેવી. વ્યસનથી મુક્ત રહેવું. આ સમયમાં તમારા પરિવારમાં શાંતિ રહેશે. નાણાંકીય પ્રશ્નોનો પણ ઉકેલ આવશે. તમારો ભાગ્યોદય નિશ્ચિત છે. કોઈ પણ પડકારોનો સામનો કરી શકશો. રાજકારણમાં જોડાયેલા હશો તો સારા સમાચાર મળશે. કારકિર્દીમાં સફળતા. તમારા દાંપત્ય જીવનમાં, પરિવારમાં સુમેળ ભર્યું વાતાવરણ રાખવા તેઓ માટે સમય ફાળવી પ્રવાસનું આયોજન કરશો. વિદ્યાર્થીઓ માટે ધાર્યુ પરિણામ મેળવવા પડકારોનો સામનો કરવો પડશે. ગુરુની સેવા કરવી. ગાયોને ઘાસ નાખવું.

૯ .ધન રાશિ :

આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્યમાં ઘણા સકારાત્મક પરિવર્તન તમને ક્ષેત્ર અને સામાજિક જીવનમાં અથવા મહેનત કરી સફળતા પ્રાપ્ત કરી શકો. બીજા સ્થાને શનિ તમારા કુટુંબમાં ઊભા થનાર વિખવાદ માટે ચેતવણી સમાન છે. પારિવારિક પ્રશ્નોનો નિકાલ સમેળ ભર્યા વાતાવરણમાં કરવો. કારકિર્દીમાં ભાગ્યોદય પ્રાપ્ત થશે. નાના પડકારોનો સામનો કરવો પડશે. વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહેનત કરવી પડશે. જે સારુ પ્રદર્શન કરાવશે. અભ્યાસ પ્રત્યે રૂચિ વધારવી. આ અઠવાડિયે ખર્ચ થશે. આવક વધુ તેમ ફાયદો. સંપત્તિના પ્રશ્નો ગૂંચવાય. અંતમાં અકસ્માતથી બચવું. ઈષ્ટદેવની પૂજા ઉપાસના કરવી. દાન કરવું.

૧૦. મકર રાશિ :

આ સપ્તાહે તમારા સ્વાસ્થ્યની કાળજી લેવી. વ્યસનથી દૂર રહેવું. ધીમે ધીમે તમો પ્રગતિના પંથે છો. સંપત્તિ - મકાન કે વાહન માટે સમય અનુકૂળ નથી. ધીરજ રાખવી અને શુભત્વ પ્રાપ્ત કરવા સમાજને - મદદરુપ થવું. ગરીબોને સહાય કરવી. દાંપત્યજીવમાં પ્રેમ વધે, સુમધુરતા આવે. અતિથિ - મહેમાનોની સરભરા કરવી. રાજકારણમાં હશો તો લાભ પ્રાપ્ત થશે. લોકસેવા કરવા પ્રયત્ન કરશો તો માન-સન્માન મળશે. વિદ્યાર્થીએ માટે અભ્યાસમાં અડચણ ઊભી થઈ શકે. આવક-જાવક સપ્રમાણ રહેશે. હનુમાનજીની ઉપાસના કરવી. ચાલીસાનો પાઠ કરવો.

૧૧. કુંભ રાશિ :

આ સપ્તાહે તમારે શારીરિક - માનસિક બળ પ્રાપ્ત કરવા કસરત કરવી ધ્યાન કરવું. સ્વાસ્થ્ય સારું રહેશે. આર્થિક દૃષ્ટિએ સમય સાનુકૂળ છે. આકસ્મિક લાભ થશે જો કે કાર્ય માટે ઉત્સાહ અને શક્તિનો અભાવ જોવા મળશે. આકસ્મિક ખર્ચ નિવારવું. આવકમાં વૃદ્ધિ થશે. સંપત્તિના કામમાં રૂકાવટ આવે. સોદો રદ થાય. નુકશાન ન થાય તેની કાળજી લેવી. કુટુંબના સભ્યોને સમય આપી હળી-મળી રહેશો તો સમય સારો પસાર થશે. અન્યથા વિવાદનું કારણ બનશો. વિદ્યાર્થીઓને ધાસી સફળતા મળે. નોકરી -ધંધામાં સાનુકૂળ સમય પસાર થશે. શનિ મહારાજની પૂજા - ઉપાસના કરવી.

૧૨. મીન રાશિ :

આ સપ્તાહે ગુરુ તમારી રાશિમાં છે. જે તમને ધાર્મિક - આધ્યાત્મિકતા આપશે. તંદુરસ્તી સારી રહેશે. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. સંતાનના પ્રશ્નો ઉકેલાશે. કૌંટુબિક વાતાવરણ સુમધુર જણાશે. વાદ-વિવાદ ઊભા ન થાય તે જોવું. લાભ પ્રાપ્તિમાં અડચણ આવી શકે.નવું રોકાણ કરવું નહિ. કોઈને ઊછીના નાણાં ન આપવા નહિ તો પાછા આવવા મુશ્કેલ. સંપત્તિમાં ફેરફારના નિર્ણય ન લેવા. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. અકસ્માતથી બચવું. વિદ્યાર્થીઓ માટે સમય સાનુકૂળ છે. ધાર્યુ પરિણામ પ્રાપ્ત થાય. વાદ-વિવાદથી દૂર રહેવું. શિવ ઉપાસના કરવી. દૂધ ચઢાવવું. અભિષેક કરવો. સઘળા કાર્યમાં સફળતા મળે.

નોંતરું દઉં છું હું, મા તને રે !

દે અગ્નિદેવ ! આ લક્ષ્મીને મારે ઘરે લઈ આવો. એ સોનેરી વર્ણની છે, સ્વર્ણમયી છે. સોનારૂપાની માળાથી શોભે છે, ચાંદની જેવી શિતળ છે (૧)

હે અગ્નિદેવ! આ લક્ષ્મીને તમે એવી રીતે મારી પાસે લઈ આવો, કે પછી એ પાછી જતી ન રહે. આને કારણે મને.... સોનું, ગાયો, અશ્વો અને સેવકો મળી રહે (૨)

હું આ દેવી લક્ષ્મીને બોલાવું છું. એ દેવી લક્ષ્મી પછી મારી પાસે જ રહે. એ આવે ત્યારે, આગળ અશ્વો હોય, વચ્ચે રથ હોય અને પછી ચીંઘાડતા હાથીઓ હોય, એ મને જાગ્રત રાખે (૩)

એ મધુર સ્મિત કરે છે. સોનાના ગઢમાં રહે છે. સ્નેહાળ છે. ઉજ્જવળ છે. પોતે સંતોષી છે અને બીજાને સંતોષ આપે છે. કમળ એનું આસન છે. એનો વર્ણ સોનેરી છે. હું આવી લક્ષ્મીન નિમંત્રુ છું (૪)

એ ચાંદની જેવા તેજવાળી છે. યશથી ઉજળી છે, માત્ર આ સંસાર જ નહિ, દેવો પણ આની સેવા કરે છે. એ ઉદાર છે. હું આ પદ્માસનાને શરણે જાઉં છું. મારી ગરીબાઈ નાશ પામે. હું તમને પસંદકરું છું (૫)

હે સૂર્ય જેવા વર્ણ વાળી ! વનનું શ્રેષ્ઠ બિલ્વવૃક્ષ છે. એ તારા તપથકી પ્રગટ્યું છે. મારા તપને કારણે, એના ફળો મારી અંદરની અને બહારની ગરીબાઈને હણી નાખે (૬)

મારી પાસે ચિંતામણિની સાથે કુબેર આવે. મને યશ અપાવે. હું સૌરાષ્ટ્રમાં જન્મ્યો છું. મને અહીં એ યશ અને સમૃદ્ધિ આપે. (૭)

આ ગરીબાઈ ભારે છે. ભૂખ અને તરસને મારી નાખે છે. એનો હું નાશ કરી નાખું. મારા ઘરમાંથી બધી નિસ્તેજતા અને દરિદ્રતા જતી રહે (૮)

હું આ લક્ષ્મીને બોલાવું છું. એ સુગંધમયી છે, અજેય છે. હંમેશા બધાને પોષનારી છે, એ બધા પ્રાણીઓની સ્વામિની છે. (૯)

અમારા મનના સંકલ્પો, વિચારો અને વાણીમાં સત્ય પ્રગટો. લક્ષ્મી મને પશુઓ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

અન્ન, અને યશ આપે. (૧૦)

હે કર્દમ ! તમે લક્ષ્મીના પુત્ર છો. તમે મારી પાસે રહો. કમળની માળા પહેરેલી માતા લક્ષ્મીને તમે મારા કુળમાં લઈ આવો. (૧૧)

હે ચિકલિત ! મારા ઘરે રહો. મને મધુરા અન્નજળ મળી રહે. દેવી લક્ષ્મી તમારી મારા છે. એનો વાસ મારા કુળમાં કરાવો (૧૨)

હે અગ્નિદેવ ! તમે આ લક્ષ્મીને મારે ઘરે લઈ આવો. એ સ્નેહાળ છે. કમળને ધારણ કરે છે. પોષણ આપનારી છે. ચાંદની જેવી છે. કમળની માળા પહેરે છે. સોનેરી વર્ણની છે. (૧૩)

હે અગ્નિદેવ ! એ લક્ષ્મીને મારી પાસે લઈ આવો. એ સ્નેહાળ છે. દંડને ધારણ કરે છે. સુંદર વર્ણની છે. સ્વર્ણીમ માળા વાળી છે. એ સૂર્યની પ્રભા જેવી છે. સ્વર્ણમયી છે. (૧૪)

હે અગ્નિદેવ ! આ લક્ષ્મીન મારી પાસે લઈ આવો. પછી એ પાછી જતી ન રહે. આને કારણે; મને પુષ્કળ સુવર્ણ, ગાયો, દાસીઓ, અશ્વો અને સેવકો મળી રહે. (૧૫)

લક્ષ્મીની કામના હોય, એણે, સ્નાન વગેરેથી પવિત્ર થઈને, રોજે રોજે ઘીની આહુતિ આ પંદર ઋચાઓ વાળા સૂક્તનો પાઠ કરવો (૧૬)

આ શ્રીસૂક્ત છે. એના ઋષિઓ લક્ષ્મીના પુત્રો - આનન્દ, કર્દમ અને ચિકલીત છે. માત્ર દિપાવલીના પર્વે જ નહિ - કોઈ પણ દિવસે આનો પાઠ થઈ શકે.

મોબાઇલથી તો ભઇ તોબા તોબા...

અત્યારના યુગમાં મોબાઇલ સંદેશા વ્યવહાર માટે એક ઉત્તમ સાધન પુરવાર થયો છે તેમ છતાં ઘણી વાર નીચેનાં કારણોસર "મોબાઇલથી તો ભઇ તોબા તોબા" એવું બોલાઇ જાય છે જ...

- ન સમય જૂએ કે સ્થળ જૂએ ગમે ત્યારે ગમે ત્યાં રીંગ વાગી જ જાય...
- માંડ ઉંઘ આવી હોય કે એ જગાડી દે...
- પત્ની જોડે બેઠા હોઇએ અને મિત્રનો ફોન આવી પડે...એ મિત્ર સ્ત્રી મિત્ર પણ હોઇ શકે છે..ને એ ફોન ન ઉપાડો તો ય તકલીફ...ને ઉપાડો તો ય તકલીફ...
- કોઇની સાથે સરસ ચેટીંગ ચાલતું હોય ને કોઇનો ફોન આવી જાય તેથી રંગમાં પડે ભંગ...
- વીડીયો કોલિંગમાં પણ આવું જ વિઘ્ન આવી પડે છે...
- વોટસ અપ ઉપર કોઇ ઓનલાઇન દેખાય પણ એ તમને રીસ્પોંસ ન આપે ત્યારે કંટાળો આવે...
- તમને ઉપરથી વિચારતા કરી દે કે પાર્ટી મારા સિવાય બીજા કોની અને કેટલા સાથે ઓનલાઇન રહેતી હશે ?
- રીંગથી ડિસ્ટર્બ ન થવાય એટલે જો સાયલેન્સ મોડ કરી દો તો કોઇ એમરજન્સી વાળા સાથે વાત ના થઇ શકે ને એમાં કોઇ પ્રશ્નો પણ પેદા થાય...
- ઘરમાં બેઠા હોવ ને કોઇનો ફોન આવે ને જો એ લઇને તમે બહાર જઇને વાત કરો તો કોણ હતું ? કોનો ફોન હતો ? શું કામ હતું ? એવા અનેક પ્રશ્નોનો સામનો કરવો પડે...
- પ્રેમી એકલો હોય અને એને પ્રેમિકા સાથે વાત કરવાનો બરાબરનો મૂડ હોય ત્યારે જ પ્રેમિકાનો ફોન વ્યસ્ત આવે તો પ્રેમી જબરદસ્ત ખિજાય છે...
- કોઇની સાથે મજાક મસ્તી કરવા કરેલ ચેટીંગ ડીલીટ કરવાનું ભૂલી જાવ ને એ જો ઘરના બીજા સભ્યના ધ્યાને આવી જાય તો મોટી તકલીફ ઉભી થાય છે...
- પતિ પત્ની બે જ જણ રહેતા હોય અને પતિના ફોન પર કોઇ મિસ કોલ કરે તો પત્નીને ખુલાસો કરવાનું ભારે...
- આવું જ પત્નીના ફોન પર થાય તો પતિ બહુ ખુલાસો પૂછતા નથી...પણ એલર્ટ તો થઇ જ જાય...
- સ્મશાનમાં બેઠા હોઇએ કે બેસણામાં ગયા હોઇએ ત્યારે કોઇનો ફોન આવે અને જો રોમેન્ટીક રીંગ

રંગ અને વ્યંગ
અનંત પટેલ

ટોન રાખેલ હોય તો ઓકવર્ડ પોઝીશનમાં મૂકાવું પડે છે...

- ઓફિસમાં બોસ પાસે ગયા હોઇએ અને રીંગ આવી પડે તો ક્ષોભમાં મૂકાવું પડે છે...
- કોઇનો ફોન આવે ને નેટ/ટાવર બરાબર ન પકડાવાથી વાત બરાબર ન થાય તો કંટાળો ...ઘાંટા પાડીને તો પાછુ બોલાય નહિ...
- યુટુબ પર કોઇ ભજન કે મધુર ગીત સાંભળતા હોઇએ અને નેટવર્ક પ્રોબ્લેમ થાય તો વિક્ષેપ થાય છે...
- અજાણ્યા નંબર પરથી ફોન આવે તો ઉપાડવો કે કેમ ? ઉપાડ્યા પછી વાત શરૂ કરવામાં ય ખચકાટ...
- વોટ્સ અપ ઉપર કોઇ અજાણી વ્યક્તિ હાય હેલો કરે ને જવાબ આપીએ તો એ ક્યારે ક મુસીબત સર્જે છે...
- રજા પર હોઇએ, રવિવાર હોય ત્યારે ઓફિસના ઘણા ખરા બોસ કંઇને કંઇ કારણસર રીંગ કરે કે વોટ્સ અપ ઉપર મેસેજ મોકલીને ટેન્શન કરાવી દે છે...
- ગામના કે ઘરના વડીલો સાથે રસપૂર્વક વાત કે ચર્ચા કરતા હોઇએ ત્યારે કોઇ વડીલ કે મિત્રનો ફોન આવી જાય તો એ ફોન ઉપાડીને શરૂ જ થઇ જતા હોય છે અને આપણી વાત સાંભળી ના સાંભળી કરતા હોય છે...
- જમવા બેસો ત્યારે ય આ મોબાઇલ શાંતિથી જમવા ય નથી દેતો...
- બોલો હવે તમારે વધારે કંઇ કહેવું છે ??

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com